## ટાઈટલ કલીયરન્સ બાબત જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઉધના સબ–ડીસ્ટ્રીકટ, મોજે ગામ ઉધનાના રે.સ.નં.૨૪૬, ટી.પી.સ્કીમ નં.૦૨, ફા.પ્લોટ નં.૧૧૪ થી નોંધાયેલી જમીનમાં **"આશીર્વાદ ટાઉનશીપ નંબર–૨"** ના નામથી પાડવામાં આવેલા આવાસો પૈકી **આવાસ નંબર : ૪૮** વાળી મીલકત, તેનાં હાલના માલિક **૧.ધીરજલાલ ગોવિંદભાઈ કણસાગરા તથા ૨.ચેતનભાઈ છોટુભાઈ પટેલનાઓએ** તેઓની સંયુકત માલિકી કબજા ભોગવટાનું હોવાનું જણાવી અમારા અસીલ બેંક કને લોન મેળવવા અરજી કરેલ છે અને અમો કને ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે. પરંતુ તેઓના જણાવ્યા મુજબ સદરહુ મિલકતનાં અગ્રહકકધારીના વેચાણ દસ્તાવેજ રજી. નં.૧૬૭૯, તા.૧૮.૦૩.૨૦૦૦ ની અસલ રજી. કી ભર્યાની રસીદ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. માટે સદરહુ મિલકત બાબત યા ગુમ થયેલ મજકુર અસલ રજી. કી ભર્યાની રસીદ બાબત કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય યા કોઈના કબજા ભોગવટામાં હોય તો દિવસ–૭ માં દસ્તાવેજી પુરાવા સહીત અમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈનો હકક, હિત વીગેરે નથી યા તો જતા કરેલા છે તેમ માની અમારા અસીલ બેંક સદરહુ મીલકતનું ગીરોખત કરાવી લેશે અને તે રીતે સદરહુ મીલકત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી. જેની આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસ : ૪૦૨, સત્યમ કોમ્પલેક્ષ, મુદીતા મીઠાઈની સામે, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૧ ગુજરાત.
મો.૯૮૨૫૧ ૬૭૧૦૦

**નિશીથ કે. સુખડવાલા**
એડવોકેટ

## જાહેર નોટીસ

જત આથી તમામને જણાવવાનું કે, નીચે જણાવેલા વર્ણન અને વિગતવાળી જમીન ચિરાગભાઈ ઈશ્વરભાઈ પટેલની એકલાની સ્વંતત્ર માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી છે. સદરહુ જમીન તેઓ પાસેથી અમારા અસીલે વેચાણથી લેવાનું નકકી કર્યુ છે. સદરહુ જમીનને લગતા નીચે મુજબના અગ્રહકકધારીનો અસલ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે જે શોધખોળ કરતા મળી આવેલ નથી તે સંજોગોમાં સદરહુ જમીન અંગે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત, ચાર્જ બોજા કે લીયન કે દરદાવા વિગેરેના હકકો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમારી ઓફીસના નીચે જણાવ્યા મુજબના સરનામે લેખિતમાં પુરાવા સહિત આવી નોંધાવી જવા. જો મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના વાંધાઓ આવશે તો તેવા વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી તમામે નોંધ લેવી.

**ખોવાયેલા દસ્તાવેજની વિગત**

| દસ્તાવેજ નંબર | તારીખ | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૪૩૯ | ૨૩/૦૬/૧૯૭૭ | અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ. |

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ, તાલુકો પલસાણાના ગામ મોજે તળોદરાના રે.સ.નં.૮૭, ૮૭પૈકી, ૧૧૬, કે જેનો બ્લોક નં. ૧૧૭/અ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નં.૨૨૯ છે તથા આકાર રૂા. ૧૩.૭૫ પૈસા છે તથા જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૦૭-૦૧ યાને ૧૦૭૦૧ ચો.મી. છે તે જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની દરોબસ્ત.

સરનામુ : ૧૦૨, લીલા એપાર્ટમેન્ટ,
દરજીશેરી, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
મો. નં.૯૮૨૫૬-૫૬૦૭૭

**મનોજ ટી. પટેલ**
એડવોકેટ
ખરીદનાર તથા વેચનારની સુચનાથી

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, **ઓલપાડ સબ–ડીસ્ટ્રીકટ, મોજે અછારણના રેવન્યુ સર્વે/બ્લોક નંબર–૨૮૫ થી નોંધાયેલી સુમારે ૧–૩૬–૫૮ હે.આરે.ચો.મી.** ક્ષેત્રફળ ધરાવતી જુની શરતની ખેડખાતાની જમીનના રેકર્ડ ઉપરના માલીકો એવા **(૧) મનોજભાઈ ભીખાભાઈ, (૨) જયોતિબેન મનોજભાઈ, (૩) નલીનીબેન મનોજભાઈ, (૪) સંકેત મનોજભાઈ તથા (૫) હેતસ્વીબેન મનોજભાઈનાઓએ** જમીન પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવાટાની તથા ચોખ્ખી અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ જમીનનો વેચાણ કરવાનો તેઓને એકલાને સંપૂર્ણ હક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, સંબંધ, ખોરાકી, પોષાકી કે કોઈ પ્રકારના ઈઝમેન્ટના હકો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭**ની મુદતમાં લેખિત પુરાવા સહિત તેની મને લેખિત ખાતરી કરાવવી, અન્યથા સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક, હિત સંબંધ વિગેરે નથી તેમ ગણી, અગર તો હોય તો તે વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે, તેમ ગણી મારા અસીલ સદરહુ જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૧૫–૧૦–૨૦૨૫
ઠેકાણું : ૫૦૫, 'વિઝન', શેલ પેટ્રોલ પંપની સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત.

**પ્રાજલ કે. પટેલ**
તે ખરીદનારના એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના તાલુકા મજુરાના શહેર સુરતના મોજે ગામ: વેસુના જુનો સર્વે નં.૪૨ તથા ૪૪ જેનો નવો સર્વે નં.૨૭/૨ તથા ૨૬, જેનો ટી.પી.સ્કીમ નં.૧, વેસુ , જેનો ઓપન પ્લોટ નં.૫૦ તથા ફાઈનલ પ્લોટ નં.૭૩ થી નોંધયાલી બિનખેતીની જમીન ઉપર આયોજન પામેલ **"પુષ્પમ રો–હાઉસ"** ના 'એ' તથા 'બી' ટાઈપના પ્લોટો પૈકી **પ્લોટ નં.બી–૬૫** જેનું ક્ષેત્રફળ ૭૨.૪૬.૨૦ ચો.મી. બાંધકામવાળી મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત મિલકતના માલીક **પંકજભાઈ જશવંતભાઈ બારડોલીયાએ** પોતાના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું તથા સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનં નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ વ્યકિત, બેંક કે સહકારી સંસ્થાનો, કોઈપણ પ્રકારનો હકક–હિત– હીસ્સો, લાગ–ભાગ કે દર–દાવો હોય કે લીયન હોય, તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં જરૂરી પુરાવાઓ સહિત અમો નીચે જણાવેલ સરનામે રૂબરૂ લેખિતમાં જાણ કરવી અને જો મજકુર મુદતમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત–હિસ્સો, વાંધો યા દાવો પુરાવા સહીત લેખીતમાં રજુ થશે નહિ, તો કોઈના પણ આ મિલકતમાં કોઈપણ પ્રકારનાં કોઈ હકક–દાવા વિગેરે નથી અને જો હોય તો તે છોડી દીધા છે, જતા કર્યા છે યાને વેઈવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહુ મિલકતનાં કાયદેસરનાં લખાણો તથા રજી.વેચાણ દસ્તાવેજો ઉપરોકત માલીક કનેથી કરાવી લેશે. તેથી પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૫/૧૦/૨૦૨૫.

ઓફીસ : ૨૪, મહેરપાર્ક–એ
અઠવાગેટ, સુરત-૩૯૫૦૦૧

**વિકાસ પી. પટેલ**
તે ખરીદનારના એડવોકેટ

## "પવિત્રા રો હાઉસ" માં આવેલ મકાન નં. બી/૪ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણના મોજે અડાજણના રે.સ.નં. ૨૪૬, ટી.પી.સ્કીમ નં. ૧૩(અડાજણ), ફા.પ્લોટનં. ૧૨૭ વાળી જમીન પર આવેલ **"પવિત્રા રો હાઉસ"** માં આવેલ **મકાન નં. બી/૪** વાળી મિલકત **દીપાબેન યોગેશકુમાર ગોહિલ તથા યોગેશકુમાર ભીમજીભાઈ ગોહિલએ** પોતાની માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૧૦** માં હમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર મિલકતમાં કોઈના કોઈ પણ જાતના હકકો નથી કે કોઈ વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે. તેમ ગણી હમારા અસીલ સદરહુ મિલકતનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફીસઃ સી/૩૦૬, ત્રીજો માળ,
સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે,
ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત
મો.નં. 9377724939

**જયેશ આર. લીબાચીયા**
**દિવ્યેશ એચ. ભટ્ટ**
એડવોકેટ એન્ડ નોટરી

## જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ ઓલપાડ, **મોજે ગામ : કુદીયાણા, બ્લોક/સર્વે નંબર : ૩૬૨, જેનું ૭/૧૨ મુજબ જરાયત ક્ષેત્રફળ હે.૦–૮૧–૯૫ આરે.ચો.મી. તથા પો.ખ.અ. ક્ષેત્રફળ હે.૦–૦૯–૧૦ આરે. ચો.મી. મળી કુલે ક્ષેત્રફળ હે.૦–૯૧–૦૫ આરે.ચો.મી.**, આકાર રૂા. ૬.૯૪, ખાતા નં. ૫૬૧ ચાલી આવેલ છે, સદર જુની શરતની જમીનના માલીક કબજેદાર **(૧) ઈલાબેન અશોકભાઈ પટેલની વિધવા (૨) બિનિતાબેન અશોકભાઈ પટેલ તે બિપીનભાઈ પટેલની પત્ની (૩) જાગૃતિબેન અશોકભાઈ પટેલ તે નિલેશભાઈ પટેલની પત્ની (૪) નયનકુમાર અશોકભાઈ પટેલ** સંયુકત ચાલી આવેલ છે. તેમની પાસેથી સદર જમીન કિંમતી વેચાણ અવેજ નકકી કરીને, તમામ ટાઈટલ કલીયર કરી આપવાની શરતે અમારા અસીલે વેચાણ રાખેલ છે જેથી મજકુર જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા સહભાગીદાર, બેંકનો કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, લાગભાગ કે તર-તકરાર હોય કે દર દાવો હોય કે કોઈનો ભરણ પોષણના, કબજાના, બોઝા, લેણા કે ઈઝમેન્ટના કે અન્ય કોઈપણ જાતના હકકો કે તર-તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૧૦** માં અમોને લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રૂબરૂમાં મળવું. જો કોઈપણ વ્યકિત કે સંસ્થા કે દાવેદાર તરફથી તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મજકુર જમીનમાં કોઈના કોઈપણ જાતના લાગ-ભાગ, હકક, હિત, સંબંધો નથી અગર હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેવું ગણી / સમજી લઈ હમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિક-કબજેદારો પાસેથી મજકુર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા.૧૫/૧૦/૨૦૨૫)

ઓફીસ : ૨૨૮, એવલોન ઘી કોર્મશીયલ હબ,
અંકુર સ્કુલ સામે, પાટીદાર સમાજવાડી સામે,
આંબાતલાવડી, કતારગામ–વેડરોડ, સુરત

**જગદિશ બી. પટેલ**
તે ખરીદનારના એડવોકેટ

**બૅંક ઑફ બડૌદા Bank of Baroda**

કુડીયાણા શાખા : દરબાર ભવન, પારસીવાડ, કુડીયાણા–૩૯૪૫૪૦
ફોન : ૮૯૮૦૦૨૬૬૫૦ email : kudiy@bankofbaroda.com

**કબજા નોટીસ** ધારા (૧૩(૪)(સ્થાયી મિલકત)
[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લેઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૩૦.૦૭.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/જામીનદાર શ્રી ઘનશ્યામ બાલુભાઈ પટેલ (દેવાદાર), અને શ્રીમતી દીપ્તબેન પ્રદીપભાઈ પટેલ (દેવાદાર) અને શ્રી પ્રદીપભાઈ પ્રભુભાઈ પટેલ (જામીનદાર) અને શ્રી અમૃતલાલ હિરાલાલ પટેલ (જામીનદાર), અને શ્રી પરેશભાઈ હરજીવનભાઈ પટેલ (જામીનદાર) અને શ્રી પંકજભાઈ હરજીવનભાઈ પટેલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૫૨,૦૬,૭૨૪.૭૫/– (રૂા. બાવન લાખ છ હજાર સાતસો ચોવીસ અને પંચોતેર પૈસા પુરા)** તેના ઉપરનું વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ જો હોય સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠરતાં હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિકયોરીટી ઈન્ટેરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) ધારા ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૦મી ઓકટોબર સને ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૫૨,૦૬,૭૨૪.૭૫** તેના ઉપરનું વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ જો હોય ને આધીન રહેશે.

**પ્રાથમિક સુરક્ષા અને સમાંતર સિક્યુરીટી નું વર્ણન**

**પ્રાથમિક સુરક્ષા :** હાઈપોથીકેશન કરેલ ઝીંગા, બીજ, ચારા અને અન્ય ચાલુ સંપત્તિઓનું ગીરો.

**સમાંતર સિક્યુરિટીનું વર્ણન :** ૧) તમામ ભાગ અને હિસ્સો ધીરાવની મિલકત કે જે સાઈનગર એપાર્ટમેન્ટ ના ૧લા માળનો ફલેટ નં.૧૦૨, જેનું એરીયા માપ ૧૦૦૦.૦૦ ચો.ફુટ એટલે ૧૦૨.૧૯ ચો.મી., જેની જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત સાંઈનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિ., પ્લોટ નં.ઈ–૧ થી ઈ–૪ (માપ આશરે ૩૯૮.૯૨ ચો.મીટર) ટી.પી.સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા) ફાઈનલ પ્લોટ નં.૪૪, નોંધ નં.૮૩૦, વોર્ડ મજુરા, રેવન્યુ.સર્વે.નં.૭૬, મોજે મજુરા, તા.સુરત સીટી, (મજુરા) જી.સુરત ખાતે શ્રી પરેશભાઈ હરજીવનભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ હરજીવનભાઈ પટેલ ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** ખુલ્લી જગ્યા, **પશ્ચિમ તરફ :** ફલેટ નં.૧૦૧, **ઉત્તર તરફ :** પ્રવેશ પેસેજ, **દક્ષિણ તરફ :** ખુલ્લી જગ્યા આવેલ છે.

૨) તમામ ભાગ અને હિસ્સો ધીરાવની મિલકત કે જે પ્લોટ નં.૩૦૨ (કે.જે.પી. બાદ બ્લોક / પ્લોટ નં.૧૫૮/૧ પૈકી ૩૦૨) આશરે માપ ૩૬.૭૮ ચો.મી. (રેવન્યુ રેકોર્ડ મુજબ ૩૬.૦૦ ચો.મીટર) જેના ઉપર આશરે ૫૭.૫૧ ચો.મી.ના બાંધકામ સાથે, રે.સ.નં. ૧૫૧/૧, નવો રે.સ.નં. ૧૫૮/૧ પૈકી, ટી.પી.સ્કીમ નં.૪ (ઉમરા દક્ષિણ), ઓ.પી નં.૪૪/એ, એક.પી.નં.૧૩૦/( માપ આશરે ૨૭,૫૯૦.૦૦ ચો.મીટર) પનાસ–ઉમરા ગામ, તેરા પંથ ભવન સામે, સંગીની રેસીડન્સી ની બાજુમાં, મોજે ઉમરા (અગાઉ પનાસ) તા. સુરત સીટી (મજુરા), જી.સુરત ખાતે શ્રી અમૃતભાઈ હિરાભાઈ પટેલ ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** પ્લોટ નં.૩૦૩, **પશ્ચિમ તરફ :** પ્લોટ નં.૩૦૧, **ઉત્તર તરફ :** રોડ, **દક્ષિણ તરફ :** ખુલ્લી જમીન આવેલ છે.

તા. ૧૦.૧૦.૨૦૨૫ । સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, કુડીયાણા શાખા.

## –: વેચાણ અંગેની જાહેર નોટીસ :–

ડિ. સુરત,સબ–ડિ. સુરત સીટી(મજૂરા)નાં મોજે ગામ વેસુનાં રે.સર્વે નં.૩૨, ટી.પી.સ્કીમ નં.૧, ફા.પ્લોટ નં.૧૨૦ વાળી જમીન પર પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.એ–૧૩**, જેનો રીવા.પ્લાન મુજબ **નવો પ્લોટ નં.૩૫**, જેનું પ્લોટનું ક્ષેત્ર.૨૦૮.૪૬ ચો.મી. અને ફાળે પડતા રોડ, કોમન એરીયાની ૮૮.૨૨ ચો.મી.વણ–વહેંચાયેલ જમીન મળી કુલે ૨૯૬.૬૮ ચો.મી. ખુલ્લા પ્લોટવાળી મિલકતનાં હાલનાં માલિક, મુખત્યારો (૧) દર્શન ચંદ્રકાંત નાણાંવટી, (૨) વંદન ચંદ્રકાંત નાણાંવટી, (૩) સ્વ.ચંદ્રકાંત સરૂપચંદ નાણાંવટીનાં વારસદારો(૩.૧) દર્શન ચંદ્રકાંત નાણાંવટી, (૩.૨) વંદન ચંદ્રકાંત નાણાંવટી, (૩.૩) અશ્વિના ચંદ્રકાંત નાણાંવટી,(૩.૪) તૃપ્તી ચંદ્રકાંત નાણાંવટી, તમામ રહે. સર્જન સોસા., અઠવાલાઇન્સ,સુરતનાં હોવાનું જણાવી મજકુર ખુલ્લા પ્લોટવાળી મિલકત તેમની પાસેથી મારા અસીલએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. મજકુર મિલકતનો હમારા અસીલ પૂરેપૂરો વેચાણ અવેજ ચુકવીને ટું્ક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. આથી મજકુર મિલકતમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક–હિત–હિસ્સો, લાગ–ભાગ, દર–દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ–પોષણ, બોજો વગેરેનાં હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન–૭ માં અમારા અસીલ વતી વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનાં હક્ક–હિત–હિસ્સો, લાગ–ભાગ, દર–દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ –પોષણ, બોજો વગેરેનાં હક્ક નથી અને હોઇ તો છોડી દીધેલ છે તેમ ગણી હમારા અસીલ વ્યવહાર પૂર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહિં જેથી નોંધ લેશો.

**મારી મારફત :–**
**ઓફિસ :યુ–૧૨,હિરલ આર્કેડ,**
**નવી ડિસ્ટ્રીકટ કોર્ટની સામે, અઠવાલાઇન્સ,સુરત.**
**મો.નં. ૯૮૨૫૦ ૯૦૪૦૨**

**હરિશ આર.પટેલ**
**એડવોકેટ અને નોટરી**

## ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ

જી. સુરત, તા.મજુરાના ગામ મોજે : મગદલ્લા(૧) રે.સ.નં.૮૪/૧ થી નોંધાયેલી જમીન જેનુ ક્ષેત્રફળ ૧૨૮૧૭ ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં.૩૧, ફા.પ્લોટ નં. ૬૩/૧ ફાળવવામાં આવેલ છે, જેનુ ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૮૩૩૩ ચો.મી. છે તે જમીન તેની ઉપર આવેલ અધુરા બાંધકામ સહિતની મીલકત તથા (૨) રે.સ.નં.૮૫/૨ થી નોંધાયેલી જમીન જેનુ ક્ષેત્રફળ ૮૩૦૦ ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં.૩૧, ફા.પ્લોટ નં. ૬૨/૨/૨ ફાળવવામાં આવેલ છે, જેનુ ફા.પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૫૩૯૫ ચો.મી. છે તે જમીન તેની ઉપર આવેલ અધુરા બાંધકામ સહિતની મીલકતના માલિક રાધે બિલ્ડસ્પેશ એલએલપી-ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર : મહાવીરકુમાર નાથુલાલ શાહે સદરહું જમીન મીલકતના સબંધે ગુજરાત મિત્ર દૈનિક વર્તમાનપત્રમાં ઓડવોકેટ મનીષ જે. ગાંધી તથા હિરેન એચ. પટેલનાઓએ તા.૨૯/૦૬/૨૫ ના રોજ ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસના શિર્ષક હેઠળ જાહેર નોટિસ આપેલ. જે જાહેર નોટીસ બાબતે અમારા અસીલ હરીભાઈ કરમશીભાઈ વિરાણીની મળેલ સૂચના તથા કરમાઈશ અન્વયે જવાબ આપી જણાવવાનું કે મજકુર જાહેર નોટિસમાં જણાવેલ જમીનમાં '' UNITED CITY '' ના નામે આવેલ અધુરા બાંધકામવાળી મીલકતમાં આવેલ UC SHOP NO. M116 વાળી મીલકત તા.૨૭/૦૬/૨૦૧૬ ના રોજ અમારા અસીલે મોટો અવેજ ચુકવીને ખરીદ કરેલ છે. જે અંગે અમારા અસીલને પેમેન્ટ મળેલ હોવા અંગે મહાવીરકુમાર નાથુલાલ શાહે ડાયરી પણ બનાવી આપેલ છે. સદરહ મીલકતનું બાંધકામ પુર થયેથી વેચાણ દસ્તાવેજ કરી આપવાની અમારા અસીલને બાંહેધરી આપવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકત જોતા સદરહું જમીનમાં અમારા અસીલનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો સમાયેલો છે. જેથી સદરહું જમીન મીલકત બાબતે અમારા અસીલની લેખિત સહી, સંમતિ વિના ટાઈટલ કલીયન્સ સર્ટિફિકેટ ઈસ્યુ કરવુ નહી. તેમ છતા જો ઈસ્યુ કરવામાં આવશે અને સદરહું મીલકત બાબતે કોઈપણ પ્રકારના વ્યવહારો કે તે અંગેના લખાણો કરવામાં આવશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને સદરહું જમીન મીલકત ખરીદનારનો કાયદેસરનો માલીકી હકક, હિત, હિસ્સો, કબજો ગણાશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હમારી સુચનાથી : હરીભાઈ કરમશીભાઈ વિરાણી

ઓફિસ : ૪૦૫, એપલ સ્કવેર,
ગજેરા સ્કુલ પાસે, કતારગામ, સુરત.
મોબાઈલ નં. ૯૮૨૫૯-૫૪૮૦૧

**ઉમેશ બી. પટેલ**
(એડવોકટ એન્ડ નોટરી)

## જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ, અડાજણ સબ–ડીસ્ટ્રીકટ, મોજે ગામ પાલણપોરના (૧) સર્વે નંબર–૧૮/૨, બ્લોક નંબર–૨૮/અ, (૨) સર્વે નંબર–૧૮/૨, બ્લોક નંબર–૨૮/બ, (૩) સર્વે નંબર–૮૫/૩, બ્લોક નંબર–૧૩૫/અ તથા (૪) સર્વે નંબર–૮૫/૩, બ્લોક નંબર–૧૩૫/બ જમીનોમાં મારા અસીલ વરજાંગભાઈ રાણાભાઈ જીલારીયાના કાયદેસરના હકો સ્થાપિત થયેલા છે. સદરહુ જમીનોમાં મારા અસીલનું હક, હિત, સ્થાપિત થયેલા હોય અને તે હકો માટે દાવા દુવીના પ્રકરણો હાલમાં પેન્ડીંગ છે. ઉપરોકત જમીનો દાવાનો વિષય વસ્તુ છે. સદરહુ જમીન/મિલ્કત વિવાદી મિલ્કત હોઈ અને દાવાનો વિષય હોઈ સદરહુ મિલ્કતો સંબંધે ગીરો, બક્ષીસ યા વેચાણ અગર હરકોઈ પ્રકારના તબદીલી અંગેના કોઈપણ પ્રકારના વ્યવહારો કોઈપણ વ્યકિત દ્વારા કોઈની પણ સાથે કરવામાં આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને આવા તમામ વ્યવહાર દાવાના આખરી નિકાલ ને આધિન રહેશે અને આવા વ્યવહાર કરનારને ચોખ્ખા માલીકી હકો પ્રાપ્ત થશે નહી, બલ્કે તેઓને વિવાદ જ પ્રાપ્ત કરશે અને આવા વ્યવહાર કરનારા પણ વિવાદના પક્ષકાર બનશે. સબબ કોઈપણ વ્યકિતએ મારા અસીલની પરવાનગી વિના કોઈની પણ સાથે કોઈ પણ પ્રકારના વ્યવહાર કરવા નહી.

ઠેકાણું : ૧૦૨–૧૦૫,
લાભભાઈ કોન્ટ્રાકટર કોમ્પલેક્ષ,
પારસી લાઈબ્રેરીની સામે, નાનપુરા મેઈન રોડ, સુરત.

**કમલેશ એમ. પટેલ**
એડવોકેટ

## ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટ, મોજે અસનાબાદ ના બ્લોક નં. ૧૩૮ વાળી જમીનમાં પાડવામાં આવેલા ઉત્તર તરફની બીનખેતીની જમીનમાં આવેલ પ્લોટ નં. ડી-૧૪ જેનું ક્ષેત્રફળ સુમારે ૯૭૫.૩૮ ચો.મી. છે જે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં બ્લોક/સર્વે નં. ૧૩૮/પૈકી ૧૦ થી નોંધાયેલ છે તે જમીન તથા તેને લાગતા વળગતા રસુકા વપરાશના હકકો સહિતના સ્વતંત્ર અને સંપુર્ણ માલિક જીગર હરીલાલ પટેલ તથા તુષાર હરીલાલ પટેલ (બંને રહે: એ/૬, પ્રેમજી નગર સોસાયટી, સરદાર બ્રીજ પાસે, અડાજણ રોડ, સુરત)યાલી આવેલા હોવાનું જણાવી તેમજ સદરહુ જમીનના અગ્રહકકધારીઓના (૧) રજી. દસ્તાવેજ તા. ૬/૫/૧૯૯૫ ના રોજ અનુક્રમ નં.૫૨૮ થી નોંધાયેલ છે તે અસલ તથા રજી. ફી ભર્યાની રસીદ અસલ તથા (૨)રજી. દસ્તાવેજ તા.૧૬/૪/૧૯૯૮ ના રોજ અનુક્રમ નં.૪૫૨ થી નોંધાયેલ